બિડાણ : સેકશન અધિકારી, કૃષિ અને સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગકવ/૧૪૨૦૧૦/૨૬૦/ક.૨ તા. ૦૫/૦૬/૨૦૧૭

**વિષય : છઠ્ઠાપગાર પંચના અમલ બાદ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાનો અમલ કરવા બાબત...**

જા.ન.નકૃયુ/રજી/એડીએમ–૨ શાખા / ૬૨૩૩-૮૨ /૨૦૧૭.
તા. ૦૭/૦૬/૨૦૧૭

ઈ/ચા. કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ તરફ જાણ તેમજ આગળની કાર્યવાહી કરવા સારૂ.....

**ક્રમાંકઃ-ગકવ /૧૪૨૦૧૦/૨૬૦/ક.૨**
ગુજરાત સરકાર
કૃષિ સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. 5 JUN 2017

પ્રતિ,
કુલસચિવશ્રી,
કૃષિ યુનિવર્સિટીઓ ,
**આણંદ/જુનાગઢ/નવસારી/સરદાર કૃષિનગર**

**વિષયઃ- છઠ્ઠા પગારપંચના અમલ બાદ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાનો અમલ કરવા બાબત..**

**શ્રીમાન,**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે કૃષિ યુનિવર્સિટીઓના બિન શૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા પગારપંચનો લાભ આપવા અંગેના વિભાગના તા.૩/૧૦/૨૦૦૯ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ તેની શરત નં.૧૧ મુજબ છઠ્ઠા પગાર પંચના અમલ બાદ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના ફરીવાર અમલમાં મુકવા માટે રાજય સરકારની ફરીવાર પૂર્વ મંજૂરી અચુક મેળવવાની રહેશે.તે શરત/જોગવાઇ હતી.

ઉકત શરત/જોગવાઇ છતાં કૃષિ યુનિવર્સિટીઓ દ્ધારા સરકારશ્રીની /નાણા વિભાગની પૂર્વ મંજૂરી વગર જ ઉચ્ચત્તર પગાર ધોરણના કેસો મંજુર કરવામાં આવેલ છે.આમ, આ સંદર્ભે મંજૂરી અર્થે રજુ કરવામાં આવેલ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગે તા.૨૨/૦૫/૨૦૧૭ના રોજ નીચે મુજબ મંજૂરી આપેલ છે.

**" ભવિષ્યમાં રાજય સરકારની સ્પષ્ટ મંજુરી વગર રાજય સરકારના કર્મચારીઓને લાગુ પડતા હુકમોને આધારે કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓને લાભ મળવા પાત્ર થશે નહીં. તે માટે અલગથી સરકારની મંજૂરી મેળવવાની શરતે કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓને રાજય સરકારના કર્મચારીઓને લાગુ પડતી ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાનો લાભ આપવા મંજૂરી આપવામાં આવે છે"**

આમ, ઉપર જણાવેલ વિગતે ભવિષ્યમાં જયા રાજય સરકારની મંજૂરી મેળવવાની સુચના હોય ત્યાં અચુક મંજૂરી મેળવીને કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૭૩૭૪
6 JUN 2017
એડીએમ-૩ શાખા

આપનો વિશ્વાસુ

**( જી.એસ.મોદી )**
**સેકશન અધિકારી**
કૃષિ સહકાર અને ખેડૂત
કલ્યાણ વિભાગ

'A' રકમ લઈ આયોજન
A.2.1/2.2/2.3
2.5